




સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક FAROOQ

25th YEAR

www.farooqsaptahik.com

POSTAL REGN. No. G-KCH-146/2024-2026

Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક








RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 25th ★ Issue - 13 ★ Rabi'ul Akhir - 21, H. 1446 ★ 25-OCTOBER-2024, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com


# બહરાઈચ જવા માંગતા JUHના પ્રતિનિધિ મંડળને લખનૌ એરપોર્ટ પર રોકી દેવાયો

તા. ૧૯–૧૦ ના જમીયત ઉલમાએ હિન્દ (JUH)ના પ્રમુખ મૌલાના મહમૂદ અસદ મદનીના માર્ગદર્શન હેઠળ JUHના મહામંત્રી મૌલાના હકીમુદ્દીન કાસમીની આગેવાનીમાં એક પ્રતિનિધિ મંડળ બહરાઈચ (ઉત્તરપ્રદેશ)ના રમખાણગ્રસ્ત વિસ્તારોમાં પીડિતોની મદદના ઈરાદે જઈ રહ્યો હતો તેમને લખનૌ હવાઈ મથકે આગમન સાથે સુરક્ષા એજન્સીઓએ અટકમાં લીધા હતા. પોલીસે તેમને આગળ વધતા અટકાવ્યા અને બહરાઈચ જવાની પરવાનગી ન આપી. પ્રતિનિધિ મંડળમાં મૌલાના ગયૂર પણ સામિલ હતા.



JUHએ એક યાદીમાં જણાવ્યું છે કે આ પ્રતિનિધિ મંડળ દિલ્હીથી એ મકસદ સાથે રવાના થયો હતો કે રમખાણ પ્રભાવિત લોકો સાથે મુલાકાત કરી તેમની સ્થિતિની જાણકારી મેળવવી અને તેમને દરેક શક્ય મદદ કરવી. JUH દેશમાં શાંતિ, ભાઈચારો અને સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે અને કોઈ પણ ધાર્મિક ભેદભાવ વિના પીડિતોની મદદ કરવી પોતાનો કર્તવ્ય સમજે છે. પોલીસના આ પગલા પર JUHએ ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને એ પ્રશ્ન ઉઠાવે છે કે પીડિતોની મદદ માટે જઈ રહેલ પ્રતિનિધિ મંડળને રોકવાનો આખરે શું કારણ હોઈ શકે? JUHને પોતાનો કાર્ય પૂરો કરવાની પરવાનગી આપવામાં આવે. JUH દરેક સ્થિતિમાં પોતાના કર્તવ્યોનું પાલન કરતી રહેશે અને આવા પગલા તેમની સંઘર્ષશીલતાને રોકી નહીં શકે.

## વલ્લાહો અઅ્લમો

- ○ પપ્પા!
- ❑ જી, બેટા!
- ○ લોરેન્સ બિશ્નોઈની 'આત્મ નિર્ભરતા' કમાલ દરજ્જાની હોય એવું નથી લાગતું?
- ❑ વલ્લાહો અઅ્લમો!!

## ભાજપે પોતાના સમર્થકોની લાગણીનો દુરૂપયોગ કર્યો છે : અખિલેશ યાદવ

બહરાઈચ રમખાણોમાં સામિલ હોવાના મનાતા બે યુવકોનું અગ્રણી હિન્દી અખબાર દૈનિક ભાસ્કરના સ્ટિંગ ઓપરેશનનો વિડીયો વાયરલ થયા બાદ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના સાંસદે X પર ટ્વીટ કરી લખ્યું છે કે, "ધિક્કાર છે આવી ભાજપાઈ રાજનીતિ અને સત્તાની ભાજપાઈ ભૂખ પર જે રાજકારણ માટે દેશમાં રમખાણો કરાવાના ષડયંત્ર કરે છે. બહરાઈચ હિંસાના મામલામાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે જેમાં ભાજપ ચહેરો દેખાવવા લાયક નથી રહી. ભાજપના ધારાસભ્ય જ ભાજપીઓ પર ષડયંત્ર રચવાની FIR કરાવી રહ્યા છે. અને રમખાણીયા છૂપા કેમેરા સામે સત્ય ઓકી રહ્યા છે. ભાજપે પોતાના સમર્થકોની ભાવનાઓને ગેરમાર્ગે દોરી તેનો ઉપયોગ પોતાની સત્તા બચાવવા – બનાવવા કરી રહી છે. સત્ય એ છે કે ભાજપ પોતાના જ માણસો વિરૂધ્ધ ષડયંત્ર કરી રહી છે."

# હાજીયાકુબ પડયાર પરિવાર તરફથી શિફા હોસ્પિટલને રૂા. ૫૧,૫૧,૭૮૬/– નું દાન

## મુફતીએ કચ્છ, હાજીજહાંગીરશા બાવા, હાજીઈબ્રાહીમ બાફણ તથા પરિવારજનોના ઈસાલે સવાબ અર્થે દાનની જાહેરાત કરાઈ તથા લોકોને દાન આપવા અપીલ કરાઈ

(ન્યૂઝ ડેસ્ક) તા. ૨૧–૧૦ ના કચ્છના મુસ્લિમ અગ્રણીઓ પડયાર હાજીયાકુબ બાવા તથા પડયાર હનીફ હાજીયાકુબ બાવા તથા પરિવારજનોએ ભુજમાં નિર્માણાધીન કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ઝડપભેર આગળ વધી રહેલા બાંધકામ પ્રત્યે સંતોષ વ્યક્ત કરાયો હતો. નુંધાતડ (તા. અબડાસા)ના આ સખી પરિવાર દ્વારા મુફતીએ કચ્છ સૈયદ અલ્હાજ અહમદશા બાવા (અલયહિર્રહમા), મરહુમ સૈયદ હાજી જહાંગીરશા બાવા, મરહુમા પડયાર હાજીયાણી અમાબાઈ બાવા, મરહુમા પડયાર હાજીયાણી બાંયાબાઈ હાજીઈસ્માઈલ, મરહુમ બાફણ હાજીઈબ્રાહીમ હાજીભચુ, મરહુમ પડયાર હાજીઈસ્માઈલ બાવા, મરહુમ પડયાર હાજીઆમર બાવા, મરહુમ પડયાર હાજીમીઠુ બાવા, મરહુમ પડયાર હાજીફકીરમોહમ્મદ બાવા, મરહુમ પડયાર કાસમ હાજીફકીરમોહમ્મદના ઈસાલે સવાબ અર્થે રૂા. ૫૧,૫૧,૭૮૬/– દાનની જાહેરાત કરાઈ છે.






આ પ્રસંગે દાતા અગ્રણીઓ દ્વારા કચ્છના સખી દાતાઓને અપીલ કરવામાં આવી છે કે, કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલમાં સર્વે કચ્છી ભાઈઓ યથાશક્તિ પોતાનો ફાળો નોંધાવે. આ હોસ્પિટલમાં નાત–જાતના ભેદભાવ વગર સારવાર આપવામાં આવશે.

ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકી, ઉપપ્રમુખ હાજીયુસુફ ખત્રી, મંત્રીઓ યુસુફ એ. જત, ઈસ્માઈલ સોનેજી, ટ્રસ્ટી હાજીયાકુબ સોનારા, ટ્રસ્ટના શુભેચ્છક હાજીઈશાક હિંગોરાએ પ્રોજેક્ટની વિગતો આપી હતી.

આ પ્રસંગે પડયાર હાજીયાકુબ બાવા, પડયાર હાજીઅબ્દુલ હાજીયાકુબ બાવા, પડયાર હનીફ બાવા હાજીયાકુબ બાવા, પડયાર હાજીસિકંદર હાજીમીઠુ બાવા, પડયાર હાજીદાઉદ હાજીફકીરમામદ બાવા, પડયાર સાલેમામદ હાજીઆદમ બાવા, પડયાર અયુબ હુસૈન બાવા, પડયાર હાફિઝ કાસમ બાવા, પડયાર ગફુર હુસૈન બાવા, પડયાર જુસબ હાજીમીઠુ બાવા, પડયાર મામદ હાજીઆમદ બાવા, પડયાર મોહંમદઅઝીઝ હાજીઅબ્દુલ બાવા, પડયાર આકિબજાવેદ હનીફ બાવા, પડયાર મોહંમદ ગની બાવા (ભુટ્ટો), પડયાર સલીમ હાજીઆદમ બાવા, પડયાર અઝીમ સાલેમામદ બાવા, પડયાર અબ્બાસ સુલેમાન બાવા, બાફણ ઈસ્માઈલ સાલે (મામા), બાફણ હાજીસિકંદર હાજીઈબ્રાહીમ, બાફણ હાજીજુસબ ભચુ, બાફણ અકબર હાજીમામદહુસૈન, સાડ હુસૈન અલીમામદ, પડયાર નાવેદ જુમ્મા ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા ઓફિસ મેનેજર મજીદખાન પઠાણે સંભાળી હતી.

### શિફા હોસ્પિટલના ટ્રસ્ટીઓ દ્વારા દાતા સંપર્ક પ્રવાસ યોજાયો

## ગાંધીધામ–વાગડ વિસ્તારમાં માતબર રકમ દાનમાં મળી



(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૮–૧૦–૨૪ ના મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટના પ્રમુખ હાજીઆદમ ચાકી, ઉપપ્રમુખો હાજીસલીમ જત, હાજીયુસુફ ખત્રી, મંત્રીઓ યુસુફ એ. જત, ઈસ્માઈલ એ. સોનેજી, ખજાનચી હાજી અબ્દુલકરીમ મેમણ, ટ્રસ્ટી હાજી અબ્દુલરશીદ ખત્રી, શુભેચ્છકો હાજી જુમાભાઈ રાયમા, હાજીઈશાક હિંગોરા દ્વારા ગાંધીધામનો પ્રવાસ કરવામાં આવ્યો હતો જેમાં ટ્રસ્ટના દાતાઓ શેખ શાહનવાઝ હુસૈન, નાસિરખાન પઠાણ, અશરફ પાસ્તા, હાજીગની માંજોઠી, હાજી હુસૈન આગરીયા, અમીરભાઈ સિપાઈ, અલીભાઈ કુંભાર, હાજીમોહમ્મદ આગરીયા, એડવોકેટ સાદિકભાઈ રાયમા વગેરે સાથે મુલાકાત કરવામાં આવી હતી જેમાં દાતાઓએ સંસ્થાને સહયોગ આપ્યો હતો.

ત્યારબાદ ભચાઉ, સામખિયારી, લાકડીયા, માણાબાનો પ્રવાસ કરવામાં આવ્યો હતો જેમાં ટ્રસ્ટના દાતાઓ હાજી દીનમોહમ્મદ રાયમા, હાજી અલારખ્યા રાઉમા, રમજુભાઈ રાઉમા, મામદભાઈ મુતવલી, સુલતાનભાઈ રાઉમા, અકબરભાઈ રાઉમા (સરપંચ), લાકડીયા મુસ્લિમ જમાતના કરીમભાઈ રાઉમા, હાજી રમઝાન કુંભાર, ફારૂકભાઈ ખત્રી, હાજી સુલતાન મીયાં, અનવરભાઈ લાલમામદ, બળુભા સોલંકી; ભચાઉના કુંભાર હાજી અલીમોહમ્મદ જુમા વગેરે સાથે મુલાકાત કરવામાં આવી હતી તે દાતાઓએ ટ્રસ્ટને સહયોગ આપ્યો હતો. માતબર રકમ દાનમાં એકત્ર થઈ હતી. ગાંધીધામ અને વાગડના સમગ્ર પ્રવાસ દરમ્યાન હાજીજુમાભાઈ રાયમા સાથે રહ્યા હતા.













**પત્રકારત્વની સ્વતંત્રતામાં જૂઠ બોલવાની સ્વતંત્રતા સામિલ નથી – પાર્ક**

## ફારૂક સાપ્તાહિક
### તંત્રી સ્થાનેથી...

# બહરાઈચ રમખાણોમાં મીડિયાની ભૂમિકા

બહરાઈચ (ઉત્તરપ્રદેશ)માં દુર્ગા મૂર્તિ વિસર્જનની શોભાયાત્રા દરમિયાન મુસ્લિમ બહુમતી વાળા વિસ્તાર મહારાજગંજ પાસે શોભાયાત્રા પહોંચી હતી ત્યારે વિવિધ મીડિયાના અહેવાલ અનુસાર રામગોપાલ મિશ્રા નામનો યુવક અબ્દુલહમીદના ઘરમાં બળજબરી પ્રવેશ કરી છત પર લહેરાવવામાં આવેલ ધાર્મિક ધ્વજ તથા છતની રેલિંગને તોડી પાડી હતી અને હાથમાં ભગવો ધ્વજ લઈ શૂરાતનપૂર્વક લહેરાવ્યો હતો તે અગાઉ શોભાયાત્રામાં મુસ્લિમોમાં ઉશ્કેરાટ ફેલાય તેવા ગીતો DJ પર વગાડવામાં આવી રહ્યા હતા. આવા ઉશ્કેરાટભર્યા વાતાવરણમાં રામગોપાલનું અબ્દુલહમીદના ઘર પર ચડી ઈસ્લામી ધાર્મિક ધ્વજને તોડી પાડવાના કૃત્યએ બળતામાં ઘી હોમ્યું હતું અને રમખાણો ફાટી નિકળ્યા હતા જેમાં છત પર ચડનાર યુવકની ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું. અહીં ગોદી મીડિયાનું ખેલ શરૂ થયું હતું. નફરતબાજ મીડિયા, સોશ્યલ મીડિયા અને રાજકારણીઓ સમગ્ર ઘટનાનો દોષ મુસ્લિમ સમાજ પર ઢોળવા લાગ્યા. રામગોપાલ અબ્દુલહમીદના ઘરની છત પર ચડી લીલો ધ્વજ અને રેલિંગ તોડી પાડે છે તે વિડીયો મુખ્ય પ્રવાહની મીડિયા, સોશ્યલ મીડિયા પર દર્શાવાઈ રહ્યો હતો. તટસ્થ પત્રકારો અને કર્મશીલો આ બનાવ પર પ્રશ્ન ઉઠાવી રહ્યા હતા કે મુસ્લિમ બાહુલ વિસ્તારોમાં મુસ્લિમોમાં ઉશ્કેરાટ ફેલાય તેવા ગીત વગાડવા, સૂત્રોચ્ચાર પોકારવા, તેમના ઘરોમાં ઘુસી તેમની સંપત્તિઓને નુકસાન પહોંચાડવાનો પાસો કેમ રાષ્ટ્રકક્ષાના ગોદી એન્કર્સ નથી દર્શાવી રહ્યા. આ ઘટના બાદ રામગોપાલ પર ગોળીબાર થાય છે અને તે મૃત્યુ પામે છે તે અંગેનો કોઈ વિડીયો કે સ્પષ્ટ પૂરાવો ન હોવા છતાં ગોદી મીડિયાએ ન ફક્ત તે હત્યા માટે મુસલમાનોને જવાબદાર ઠેરવવાનું શરૂ કર્યું પરંતુ તે ઘટનામાં મિર્ચ–મસાલો ભંભરાવી રામગોપાલના શબને (મુસ્લિમો દ્વારા) વિકૃત કર્યો હોવાનો જૂઠ ચલાવ્યો. ત્યાં સુધી કહ્યું કે મૃતદેહના પગમાંથી નખ કાઢી લેવામાં આવ્યા હતા, તેને વિજશોક આપ્યાના નિશાન હોવાનું જૂઠાણું ચલાવ્યું હતું તેમજ તલવારના ઘા વડે ઘાતકી હત્યા થઈ હોવાનું તીર અંધારામાં છોડવામાં આવ્યું હતું. રાષ્ટ્રકક્ષાના ગોદી એન્કર્સ આ જૂઠાણાથી સ્વાભાવિક રીતે હિન્દુ યુવકો ઉશ્કેરાઈ ઉઠયા હતા. બહેરાઈચની આ સ્થિતિ જોઈ બહરાઈચ પોલીસે ખુલાસો કર્યો હતો કે રામગોપાલની હત્યા ગોળી વાગવાથી થઈ છે, તેના દેહને વિકૃત કરવામાં આવ્યો નથી. સોશ્યલ મીડિયા પર ચાલી રહેલી અફવાઓને ધ્યાનમાં ન લેવામાં આવે અને ખોટી અફવા ફેલાવવામાં ન આવે. શાંતિ સૌહાર્દ જાળવી રાખવામાં આવે.

આ બનાવ સંદર્ભે જ પાંચ દિવસ બાદ ખુદ ભાજપના જ ધારાસભ્ય સુરૈશ્વસિંહે પોલીસ મથકે ફરિયાદ લખાવી કે જ્યારે રામગોપાલની શબને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી ત્યારે ટોળાએ ઉપદ્રવ મચાવ્યો હતો. ગોળીબાર થયો હતો જેમાં તેમનો પુત્ર માંડ બચ્યો હતો. આ FIRમાં સાત આરોપીઓના નામ છે જે ભાજપના કાર્યકરો હોવાનું કહેવાય છે જેમાંથી એક નામ અર્પિત શર્મા બહરાઈચ શહેર ભાજપ યુવા મોરચાનો અધ્યક્ષ હોવાનું તટસ્થ અખબારોએ છાપ્યું છે. ભાજપના ધારાસભ્ય વિધિવત FIR લખાવી રહ્યા છે છતાં ગોદી મીડિયા તે અંગે ખામોશ છે. રામગોપાલની હત્યામાં ઝડપાયેલા મુસ્લિમ આરોપીઓ પર સમગ્ર ધ્યાન કેન્દ્રિત છે. જે આરોપી પકડાયા છે તેમાં બે નું હાફ એન્કાઉન્ટર (પગમાં ગોળી મારવી) દર્શાવાય છે. PWD દ્વારા તેમના મકાનોનું સર્વે થઈ ગયું છે અને મકાન તોડી પાડવાની નોટીસો સુધી ફટકારી દેવાઈ છે.

હિન્દી અગ્રણી અખબાર દૈનિક ભાસ્કરના પત્રકારોએ છૂપા કેમેરા વડે રમખાણોમાં સંડોવાયેલા બે યુવકને સ્ટિંગ ઓપરેશન વડે પૂછે છે કે તે દિવસે શું થયું હતું? જવાબમાં એક યુવક કહે છે : "ગઈ કાલે તો અમે મહારાજગંજમાં હતા. ગાડીઓ બળી ગઈ, દુકાનો બળી ગયા, કેટલીય મોંઘી મોંઘી ગાડીઓ ફૂંકી દેવામાં આવી. ઘણાં લોકો એક સાથે ગયા હતા. જરૂરી નથી કે અમે જ ફૂંકીએ જેનો નંબર આવી જશે તે જ ફૂંકી દેશે. કેટલાક લોકોએ તો ગદારી કરી નાખી નહીંતર આખો મહારાજગંજ (મુસ્લિમ બાહુલ વિસ્તાર) ખતમ થઈ ગયો હોત. પોલીસવાળાઓએ બે કલાકનો સમય આપ્યો હતો. બધા પોલીસવાળા હટી ગયા હતા."

ગોદી મીડિયા અને નિડર પત્રકારો વચ્ચેનું ફર્ક સ્પષ્ટ છે. ગોદી પત્રકારો પત્રકારોનું સ્વાંગ રચી સમાજમાં નફરત–હિંસા ફેલાવી પોતાના રાજકીય આકાઓને રાજકીય લક્ષ્યાંક સિધ્ધ કરવામાં મદદરૂપ થઈ રહ્યા છે જે ટોળામાંના ઉશ્કેરાયેલા એ બેખબર યુવકથી વધુ ખતરનાક છે જે અજાણતામાં પરધર્મીઓની મિલ્કતોને નુકસાન પહોંચાડી રહ્યા છે. નિડર પત્રકારત્વનાં આ એક સ્ટિંગ ઓપરેશનથી ફસાદીઓનું અસલી ચહેરો સમાજ સામે આવી ગયો અને અમનપસંદ લોકો આશ્ચર્યમાં છે કે મતો પ્રાપ્ત કરવાનું રાજકારણ હજી કેટલા નીચે સ્તરે ઉતરતો જશે ??

ગોદી મીડિયા અને તટસ્થ પત્રકારીતાની ભૂમિકાથી લોકતંત્રમાં પત્રકારત્વનું મહત્વ સ્પષ્ટપણે સમજાય છે. જો લોકતંત્રનો ચોથો સ્તંભ પોતાની ભૂમિકા પ્રમાણિકતાથી નિભાવે તો સત્તા પ્રાપ્ત કરવા રચાતા પ્રપંચોથી લોકો ક્યારે પણ ગેરમાર્ગે ન દોરાય !!



# શરઈ અહ્કામ

**(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)**
**સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ–કચ્છ.**

(ગતાંકથી ચાલુ)

## વુઝૂ

લોકો મસ્જિદમાં હોય છે ત્યારે વુઝૂ ખાનામાંથી ઝડપથી પોતાના હાથમાંથી પાણી ટપકાવીને મસ્જિદ તરફ નિકળી જાય છે, પાણીના આ ટીપાં મસ્જિદના ફર્શ પર પડતા હોય છે. મસ્જિદના ફર્શ પર આવી રીતે ટીપાં પડવાના સંદર્ભમાં ફુકહાએ ઈઝામ લખે છે કે, આઝાએ વુઝૂથી મસ્જિદના ફર્શ પર જે ટીપાં ટપકે છે, મકરુહે તહરીમી છે. એને હરામની નજીક નજીક ગણવામાં આવે છે.

હવે વુઝૂમાંથી જે ટીપાં ટપકી રહ્યા છે તે પાણી પાક છે કે નાપાક તેના સંદર્ભમાં ઉલમાએ કિરામનો ઈખ્તિલાફ છે કે, કેટલાકે કહ્યું કે, આ નાપાક છે કે તે નજાસતે હુકમીયાને લઈને વહે છે અને કેટલાક કહે છે કે, આ નજાસતે હુકમીયા છે, નજાસતે હકીકી નથી જેમકે પેશાબ વગેરે. આથી એનો હુકમ થોડો હળવો હશે, પરંતુ આની અંદર ગુનાહની ગંદકીનો મિશ્રણ રહેલો છે કારણ કે જ્યારે વુઝૂના અવયવ ધોવામાં આવે છે તો પાણી તેના ગુનાહોને સાથે લઈને વહે છે.

ઈમામે આઝમ અબૂ હનીફા (રદિયલ્લાહો તઆલા અન્હો)ને અલ્લાહ તઆલાએ કરામત અતા કરી હતી કે, જ્યારે આપની સામે કોઈ વુઝૂ કરી રહ્યો હોય, તો આપ તે વ્યક્તિના વુઝૂ કરવાથી જે ગુનાહ વહી રહ્યા છે તેને પોતાની નજર વડે જોઈ લેતા. રિવાયતમાં લખેલું છે કે, એક નવયુવાન વુઝૂ કરી રહ્યો હતો, તો આપે તેને બોલાવ્યું અને કહ્યું તારા માતા–પિતાની નાફરમાની ન કર કે મેં તારા આઝાએ વુઝૂમાંથી જે પાણી ટપકી રહ્યું હતું તેમાં માતા–પિતાની નાફરમાનીના ગુનાહને ધોવાતા જોયા છે. એક અન્ય નવયુવાનને ફરમાવ્યું કે, તું ઝીના (બદકારી)થી તૌબા કરી લે. ઝીના ન કર. તે યુવાને તૌબા કરીને સ્વીકાર કર્યું, હું આ રીતે કરતો હતો. ત્યારબાદ ઈમામે આઝમ અબૂ હનીફા (રદિયલ્લાહો તઆલા અન્હો)એ અલ્લાહની બારગાહમાં દુઆ કરી કે, યા રબ્બે કરીમ, તું આ કરામત (નેઅમત) પાછી લઈ લે. આના કારણે હું મારા મુસલમાન ભાઈના ગુનાહ (એબ)ને જાણી લઉં છું. ત્યારબાદ અલ્લાહ તબારક વ તઆલાએ તેને પાછી ખેંચી લીધી હતી.

ટૂંકમાં આઝાએ વુઝૂમાંથી જે પાણીના ટીપાં વહે છે તે આપણા ગુનાહોને સાથે લઈને વહેતા હોય છે. મસ્જિદને પાક–સાફ રાખવામાં આવે છે, આથી મસ્જિદના ફર્શ પર જો ટીપાં પડશે તો મકરૂહે તહરીમા ગણવામાં આવ્યું છે. પરંતુ મસ્જિદમાં જે ચટાઈ બિછાવેલી છે અથવા કાર્પેટ કે લેધર કે કંઈક પાથરેલું છે તો ખરેખર તે મસ્જિદનો ફર્શ નથી પરંતુ ફર્શ ઉપર એક પડ મૂકેલું છે, જ્યારે એના પર ટીપાં પડે છે તો કોઈ કબાહત નથી. પરંતુ મસ્જિદની જમીન પર વુઝૂના ટીપાં પડવા એ મકરૂહે તહરીમા છે.

ઘણાં લોકોનું માનવું છે કે, મસ્જિદના વુઝૂખાનામાં વુઝૂ ન કરવું જોઈએ, કારણ કે એ ગુનાહ છે. જે વ્યક્તિ નમાઝ પઢવા જઈ રહી છે, તે નમાઝ પઢવા માટે વુઝૂખાનામાં જશે, તો શું તે હરામ ગણાશે ? ફુકહાએ ઈઝામ લખે છે કે, મસ્જિદમાં વુઝૂ કરવું હરામ છે, આ બાબતે લોકોમાં એક ગેરસમજણ જોવા મળે છે. જો મસ્જિદમાં વુઝૂ કરવું હરામ છે તો વુઝૂખાના મસ્જિદમાં શા માટે હોય છે? અહીં કહેવાનો અર્થ એ છે કે, મસ્જિદની ચાર દિવાલોની અંદર જેટલો વિસ્તાર છે, તેના બે પ્રકાર હોય છે. એક એ જેને ખાસ મસ્જિદ કહેવામાં આવે છે અને બીજો ફીના–એ–મસ્જિદ કહેવામાં આવે છે. ફીના–એ–મસ્જિદનો અર્થ એ થાય છે કે, મસ્જિદની ચાર દિવાલની અંદર એવી જગ્યા જ્યાં નમાઝ સિવાય અન્ય કોઈ જરૂરત પૂરી કરવાના ઉપયોગમાં લેવાતી હોય. જેમકે ઈસ્તિનજાખાના કે વુઝૂખાના.

ફુકહાએ ઈઝામે ખાસ મસ્જિદમાં વુઝૂ કરવાને હરામ ગણાવ્યું છે. કારણ કે, જો વુઝૂના ટીપાં ટપકાવવાની મનાઈ છે તો એનાથી વિશેષ બાબતોની મનાઈ હશે. વુઝૂખાના ફીના–એ–મસ્જિદમાં હોય છે, જેની કોઈ મનાઈ નથી. લોકોમાં જે વહેમ (વસવસો) ઉભો થાય છે તે એ જ છે કે, મસ્જિદમાં વુઝૂ કરવું ગુનાહ છે. તો પછી શું મસ્જિદના વુઝૂખાનામાં વુઝૂ કરવું ગુનાહ છે ? સ્પષ્ટ છે કે કોઈ ગુનાહ નથી. કારણ કે તે ફીના–એ–મસ્જિદ છે અને ફુકહાએ, મસ્જિદમાં વુઝૂ કરવાની મનાઈ કરી છે. આથી મસ્જિદમાં વુઝૂ ન કરાય, પરંતુ મસ્જિદના વુઝૂખાનામાં વુઝૂ કરવામાં વાંધો નથી.

(પૂર્ણ)

**સૂચના : અહીં 'વુઝૂ' વિષય પૂર્ણ થાય છે, આવતા અંકથી ઈન્શાઅલ્લાહ 'ગુસલ' વિષય રજૂ કરવામાં આવશે.**

# વર્તમાન સમયે કચ્છ મુસ્લિમ સમાજને સક્રિય–નીડર નેતૃત્વની જરૂર

કચ્છની ભૂમિ સદીઓથી સુફી–સંતોની ભૂમિ રહી છે. કચ્છની આગવી પરંપરા અને સંસ્કૃતિ થકી આજ સુધી કોમી એકતા જળવાઈ રહી છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી દરપરદા રાજકીય પીઠબળ ધરાવતા કેટલાક કોમવાદી તત્વો નાના સરખા વ્યક્તિગત બનાવને મોટું રૂપ આપી વ્યક્તિગત મામલાને ધાર્મિક રંગ આપી હિન્દુ–મુસ્લિમો વચ્ચે દિવાલ ઊભી કરવાની કોશિષો કરી રહ્યા છે. આવા સમયે મુસ્લિમોના હિતોના રક્ષણ સાથે જોડાયેલ સમિતિનું નેતૃત્વ સશક્ત, પ્રભાવશાળી, તત્ત્વદર્શી, સક્રીય હાથોમાં હોવું જરૂરી છે કારણ કે ૧૯૯૮ માં મુફતીએ કચ્છ સૈયદ અલ્હાજ અહમદશા બાવા સાહેબ અલયહિર્રહમાએ એ જ મકસદ સાથે સમિતિની સ્થાપના કરી હતી કે કચ્છની કોમી એકતાને કોઈ જફા પહોંચાડવા માંગે ત્યારે ફક્ત કસૂરવાર સામે જ કાનૂની કાર્યવાહી કરવામાં આવે કોઈપણ સંજોગોમાં તે વિવાદ બન્ને સમાજો વચ્ચે ખટરાગનો કારણ ન બનવું જોઈએ.

ઈસ્લામ / મુસ્લિમોના હિતો માટે રચવામાં આવેલ આ સમિતિના અધ્યક્ષપદે મરહુમ હાજીયુસુફશા બાવા, મરહુમ ડો. સૈયદ હાજીજહાંગીરશા બાવા રહી ચૂક્યા છે તેમજ મૌલાના અલિફ નક્શબંદી તથા અન્ય રાજકીય–સામાજિક અગ્રણીઓ રહ્યા છે જેમાં હાજીજુમા રાયમા ના નેતૃત્વની પણ નોંધ લેવા જેવી ખરી. તેમણે પોતાના નેતૃત્વ સમયે હંમેશા મુફતીએ કચ્છ અલયહિર્રહમા સાથે વિચાર–વિમર્શ કરી તેમની દુઆઓથી સફળતાપૂર્વક પોતાની જવાબદારી નિભાવેલ.

ભુજમાં હોટલ સેવન સ્કાયમાં હાજીજુમા રાયમાએ તત્કાલીન ક્ષત્રીય સમાજના પ્રમુખ જોરૂભા રાઠોડ, અગ્રણી સ્વ. સાવજસિંહ જાડેજા સાથે મુસ્લિમ સમાજની મીટિંગ રાખેલ હતી જેમાં આ બાબત ધ્યાને લેવાઈ હતી કે કોમી સદ્ભાવને જફા પહોંચાડનાર કોઈપણ સમાજનો સદસ્ય હોય તેને જે–તે સમાજ તરફથી કોઈ પ્રોત્સાહન આપવામાં ન આવે અને જરૂર પડે તો તેને રસ્તો પણ બતાવી દેવામાં આવે. ઉપરાંત ગઢવી સમાજના વિજયભાઈ ગઢવી, રબારી સમાજના હીરાભાઈ રબારી, આહિર સમાજના બાબુ ભીમા હુંબલ, લોહાણા સમાજના બળવંત ઠક્કર, દલિત સમાજના કિશોર પીંગોલ તેમજ બ્રહ્મસમાજ, પટેલ સમાજના સદસ્યો સાથે કોમી એકતા કાયમ રહે તે માટે સદ્ભાવ કાર્યક્રમ રખાયો હતો. તેવી જ રીતે કોઈ મુસ્લિમ શખ્સ પાસેથી સદ્ભાવની મર્યાદાઓનું ઉલ્લંઘન થયું છે તો તેને પણ વખોડવામાં આવતું.

મંચ
સૈયદ અનવરશા મહેબૂબશા
(અનુબાપુ)
અંજાર-કચ્છ.
મો : 98790 37583

હાજીજુમા રાયમાના દોઢ વર્ષનાં કાર્યકાળ દરમ્યાન એકપણ રેલી કાઢવામાં આવી ન હતી અને એક પણ આવેદન પત્ર આપ્યા વગર કાર્યવાહી કરવામાં આવી હતી. શાંતિ ડહોળવા માંગતા તત્વો સામે ૭ થી ૮ ફરિયાદો થઈ. તત્સમયે મુફતી એ આઝમ કચ્છ રહમતુલ્લાહ અલયહેની મૌજૂદગી હતી તેથી ગંભીર મુદ્દાઓ પર બાવા સાહેબ સાથે ચર્ચા–વિચારણા અને તેમની દુઆઓ સાથે તેઓ હમખ્યાલ અગ્રણીઓ સાથે વિચાર–વિમર્શ કરી આગળ વધતા. કેટલાક બનાવોમાં હિન્દુ સમાજના અગ્રણીઓને સાથે રાખી નિવેડો લાવવામાં આવતો. વર્તમાન સમયે પણ કોઈ સંસ્થાકીય જવાબદારી ન હોવા છતાં જ્યારે પણ પ્રભાસપાટણ – વેરાવળ કે નરસિંહાનંદ જેવા ગંભીર મુદ્દા ઉભા થાય છે ત્યારે પ્રાદેશિક–રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ–અધિકારીઓ, સમાચાર સંસ્થાઓને ટેગ કરીને સોશ્યલ મીડિયા મારફત રજૂઆત કરે છે, પોતાના હિન્દુ મિત્રોનો સાથ લઈ શાંતિ ડહોળનાર બનાવોની ટિકા કરાવે છે.

છેલ્લા દાયકામાં મુસ્લિમ ધર્મસ્થાનો, ઈસ્લામ અને ઈસ્લામની હસ્તીઓ પર આક્રમણ વધ્યા છે. ગૌરક્ષા, લવજિહાદ ના નામે નિર્દોષ મુસ્લિમોને મારપીટ થઈ રહી છે અને ખોટા કેસોમાં ફસાવવામાં આવી રહ્યા છે. આવા સમયે કચ્છને એક બળૂકા નેતૃત્વની જરૂર છે જે મેનપાવર સહિત સામાજિક, આર્થિક, રાજકીય, વ્યવસાયીક (વકીલાત, પત્રકારત્વ, કર્મશીલો, સોશ્યલ મીડિયા યૂસર વગેરે) ક્ષેત્રે મહારત ધરાવતા હોય. તાજેતરમાં મુંદરા ખાતે મળેલી મુસ્લિમ અગ્રણીઓની મીટિંગ અને કચ્છ મુસ્લિમ યુવા દ્વારા ભુજ ખાતે યોજાયેલ પ્રદર્શનો દર્શાવી રહ્યા છે કે મુસ્લિમ સમાજને કનડતા સ્થાનિક પ્રશ્નો અને ઈસ્લામને નુકસાન પહોંચાડતા રાષ્ટ્રકક્ષાના ફિત્નાઓ પર અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિ પાસે લોકોને મોટી અપેક્ષાઓ છે. વર્તમાન બોડીનો સત્ર પૂરો થઈ રહ્યો છે ત્યારે સમયની માગ છે કે સર્વે મુસ્લિમ અગ્રણીઓ પોતાના મતભેદો પડખે હડસેલી એવો ઉત્સાહી અને હોશમંદ, દાગરહિત ટીમવર્ક તૈયાર કરે જે મીડિયા, સોશ્યલ મીડિયા, પ્રશાસન, શાસન, અદાલતોમાં અને લોકતાંત્રિક ઢબે વિરોધ પ્રદર્શન વડે મુસ્લિમોના અધિકારોની લડત નિર્ભય પણે ચલાવી શકે.

કચ્છમાં નવી નિમણુંકની સ્થિતિ સર્જાતી ત્યારે મુફતી એ કચ્છ સૈયદ અલ્હાજ અહમદશા બાવા સાહેબ રહમતુલ્લાહ અલયહેના નેતૃત્વમાં ચર્ચા–વિચારણા થતી અને બાવા સાહેબ જે નિર્ણય લેતા તે સર્વેને સ્વીકાર્ય રહેતો. બાવા સાહેબની અનુપસ્થિતિમાં આપના ફરઝંદ મૌલાના સૈયદ મોહમ્મદ અમીનશા બાવા સાહેબ આ મામલે પોતાના પ્રભાવનો ઉપયોગ કરે અને કચ્છનાં મુસ્લિમ સમાજને સચોટ માર્ગદર્શન આપે જેના પર કચ્છના મુસ્લિમ અગ્રણીઓએ પોતાનો અહમ્–સ્વાર્થ ત્યજી સમાજ હિત ખાતર સર્વ સંમતિએ લેવામાં આવેલ નિર્ણય પર અમલ કરે એ જરૂરી જણાઈ રહ્યું છે.

કંકોત્રી
એલાઈટ પ્રિન્ટર્સ
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ફોન : ૯૮૨૫૩ ૭૬૩૯૬

કંકોત્રી
એલાઈટ ગ્રાફિક્સ
હસનપીર બજાર, મુંદરા-કચ્છ. ફોન : ૦૨૮૩૮-૨૨૩૨૯૬

## ઇબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસર | સહેરી | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૨૮–૧૦–૨૪ | ૬–૫૬ | ૬–૧૯ | ૧૨–૩૮ | ૪–૪૦ | ૫–૩૦ | ૬–૨૩ |
| ૨૯–૧૦–૨૪ | ૬–૫૭ | ૬–૧૮ | ૧૨–૩૮ | ૪–૩૫ | ૫–૩૦ | ૬–૨૨ |
| ૩૦–૧૦–૨૪ | ૬–૫૭ | ૬–૧૮ | ૧૨–૩૮ | ૪–૩૫ | ૫–૩૧ | ૬–૨૨ |
| ૩૧–૧૦–૨૪ | ૬–૫૮ | ૬–૧૭ | ૧૨–૩૮ | ૪–૩૫ | ૫–૩૧ | ૬–૨૧ |
| ૦૧–૧૧–૨૪ | ૬–૫૯ | ૬–૧૬ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૨ | ૬–૨૦ |
| ૦૨–૧૧–૨૪ | ૬–૫૯ | ૬–૧૬ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૨ | ૬–૨૦ |
| ૦૩–૧૧–૨૪ | ૭–૦૦ | ૬–૧૫ | ૧૨–૩૭ | ૪–૩૫ | ૫–૩૩ | ૬–૧૯ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.
કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી
મુંદ્રા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
કંડલા માટે ૩:૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

# કંડલા માછીમાર રહેણાકોનું દબાણ હટાવ નિયમોની ઉપરવટ જઈ કરાયું

## ભુજમાં માછીમાર સમાજ અને MCC દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ

(ન્યૂઝ ડેસ્ક) તા. ૨૦–૧૦ ના ભુજ ખાતે માછીમાર સમાજ અને માઈનોરિટી કોઓર્ડિનેશન કમિટી (MCC) દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ જેમાં સમસ્ત માછીમાર સમાજના સેક્રેટરી ઉસ્માનગનીએ જણાવ્યું કે કંડલા પોર્ટ વિસ્તારમાં જે દબાણ દૂર કરવાની કામગીરી થઈ રહેલ છે તે સરકારી નિયમોને નેવે મૂકીને કરવામાં આવી રહી છે, માછીમારોને દબાણ દૂર કરવાની નોટિસ આપ્યા વિના ફક્ત એક દિવાલ પર બોર્ડ મારી અને લખી દેવામાં આવ્યું હતું તેના સિવાય ત્યાં રહેતા કોઈપણ લોકોને જાણ કર્યા વિના વહેલી સવારે JCB, પોલીસ કાફલો અને કંડલા પોર્ટના અધિકારીઓ દ્વારા અચાનક આવી અને દબાણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં માછીમારોને ઘરવખરીના સામાન પણ લેવાનો સમય આપવામાં આવ્યો ન હતો.

માછીમારો તે જગ્યા પર વર્ષ 1950 અગાઉથી રહેતા હતા જ્યારે કંડલા પોર્ટની સ્થાપના વર્ષ 1965 માં અહીં થઈ છે. કંડલા પોર્ટને જે પણ દબાણ દૂર કરવાનું હોય તે એમની ખુદની લેન્ડ પોલીસી પ્રમાણે બીજી વ્યવસ્થા કર્યા પછી જ દબાણ દૂર કરવાનું હતું પરંતુ તેઓ કંઈ કર્યા વિના દબાણ દૂર કરવામાં આવ્યું હતું. માછીમારો પાસે રહેલા બોટ લાઈસન્સ, બોટ રજીસ્ટ્રેશન બધું જ હાલે રહેતા કંડલા ક્રીકના હોય અને એ લોકોને માછીમારીની સીઝન પહેલા ત્યાંથી ધકેલી દેવા એ યોગ્ય નથી.

કંડલાના માછીમારો સાથે થયેલ અન્યાય પર એક ગ્રાઉન્ડ રિપોર્ટ બનાવવામાં આવેલ છે જે પત્રકારોને આપવામાં આવ્યો હતો.

કંડલા માછીમાર આગેવાન અનવર ત્રાયા, સમસ્ત માછીમાર સમાજના પ્રમુખ અયુબ હાજી, મુંદરા તાલુકા પંચાયતના સભ્ય અલ્તાફ રેલિયા, મામદ લાખા અને ઈબ્રાહીમ તુર્ક દ્વારા માછીમારો અને લઘુમતીને થયેલ અન્યાય પર વાત કરી હતી.

# આજ કે મુસલમાન : મગરિબ કી નઝર મેં

અમેરિકામેં એક Rand Corporation કા શોશા (વિભાગ) હૈ યે અમેરિકા કા બહોત બડા think tank હૈ, સબસે બડા સબસે ઊંચા, ઈસકી સિફારિશાત બચાવ દલ (defence force) કો જાતી હૈ, વિદેશી મંત્રાલય કો જાતી હૈ ઔર ઈનકે મશવ્વરોં ઔર તજાવિઝ પર હુકૂમત ઔર લોગ અમલ કરતે હૈ, ઉસ પર ગૌર ભી કરતે હૈ.

ઉન્હોને મુસલમાનોં કો ૪ હિસ્સોં મે તકસીમ કિયા હૈ, કે સબ એક તરહ કે નહીં હૈ, 80 પન્નોં કી અપની રિપોર્ટ મેં વો લિખતે હૈં કે :

**(૧) ફંડામેંટલિસ્ટ (કટ્ટરવાદી)** – યે વો મુસલમાન હૈ જો ઈસ્લામ કો સિર્ફ મઝહબ નહીં દીન (તરીકા એ ઝિંદગી) સમજતે હૈં.

યે સમજતે હૈ કે ઈસ્લામ સિર્ફ અકાઈદ, ઈબાદાત યા રસુમાત નહીં હૈ બલ્કિ ઈસ્લામ એક પોલિટિકલ સોશીયો ઈકોનોમિક સિસ્ટમ હૈ, યે એક ઈજતેમાઈ નિઝામ હૈ.

• ઉનકા માનના હૈ ઈસ તરહ કે મુસલમાન હમારે દુશ્મન નંબર 1 હૈ, ઈન્હેં હર કીમત પર ખતમ કરના હોગા યે હમારે મઆશારે, હમારી તેહઝીબ કે લિએ સબસે ઝયાદા ખતરનાક હૈ.

**(૨) ટ્રેડિશનલિશ (રીવાયત પસંદ મુસલમાન)** – યે હમારે ઉલમા હૈ ઈનકા અસલ કામ પડના – પડાના હૈ, ઈમામત કરાની હૈ, ખુતબા દેના હૈ.

ઈસ સે આગે ઈનકે સામને કોઈ ઔર કોન્સેપ્ટ નહીં હૈ લિહાઝા યે હમારે લિએ ઈતના ખતરા નહીં હૈ. લેકિન અગર યે ટ્રેડિશનલિશ મુસલમાન ફંડામેંટલિસ્ટ સે મિલ ગએ તો ફિર બહોત ખતરનાક હૈ. ક્યુંકિ ઈન કે પાસ અવામ તક પહુંચને કા બહોત બડા ઝરિયા હૈ, મિસાલ કે તોર પર હર જુમ્એ કો એક ઈજતેમા હો રહા હૈ, સબ લોગ ખુદ બ ખુદ ઈનકે પાસ ચલે આ રહે હૈં, ઈનકો ખાસ બુલાવે કી ઝરૂરત નહીં પડતી. તો ઈનકે પાસ તો બડા ઝરિયા હૈ લોગો તક પહુંચને કા, તો અવ્વલ તો ઈનકો એક દૂસરે સે દૂર રખા જાએ ઔર દૂસરા ટ્રેડિશનલિશ કો ઈનકે આપસી મસલકી ઈખ્તેલાફ મેં ઉલજાએ રખો તાકિ વો ઉસી બહેસ મેં એક–દૂસરે સે મુનાઝારે મેં મશગૂલ રહે.

**(૩) મોડર્નિસ્ટ (આધુનિક)** – યે વો લોગ હૈં જો ઈસ્લામ કી તાબીરે જદીદ કર રહે હૈ ઔર ઉસે હમારી તેહઝીબ કે સાથ હમ આહંગ બના રહે હૈ. તો ઈનકી મદદ કરો, ઈન્હે પૈસા દો ઔર ઈનકે લિએ ખાસ તૌર પર પ્રિંટ મીડિયા ઔર ઈલેક્ટ્રોનિક મીડિયામેં ઈનકી હાઝરી કા બંદોબસ્ત કરો.

**(૪) સેક્યૂલરિસ્ટ (ધર્મનિર્પેક્ષ)** – યે તો પહેલે હિ સે હમારી જેબ મેં હૈ, યે પહેલે હી માન ચુકે હૈ કે ઝિંદગી કે નિઝામ કા કોઈ તાલુક મઝહબ સે નહીં હૈ. મઝહબ નામ હૈ અકીદે ઔર ઈબાદાત ઔર રસુમાત કા.

• તો અબ વો કેહતે હૈ (૩) ઔર (૪) કો મદદ કરો ઔર (૧) ઔર (૨) કો દબા દો ઔર ઈનકો એક–દૂસરે સે મિલને ન દિયા જાય.

યે હૈ વો પોલિસી જિસકે તહત આજ ઐસી ઐસી બાતે હમેં મીડિયા કે ઝરિયે સે સુનને મેં આ રહી હૈ. હૈરાની કી બાત તો યે હૈ કે બડે બડે દાનિશ્વર ભી કેહતે હૈ શરાબ પીના ઈસ્લામ મેં હરામ નહીં. અલબત્તા શરાબ પી કર મદહોશ હો જાના, ધુત હો જાના હરામ હૈ. તો કોઈ કેહતા હૈ ચેહરે કા નિકાબ ફર્ઝ નહીં યે તો બસ એક ખાસ વક્ત કી ઝરૂરત થી તો એક વક્તિ હુકમ થા. કુછ એહકામ દિયે ગએ વરના યે કોઈ મુસ્તકિલ એહકામ (કાયમી આદેશ) નહીં હૈ.

ગૌર કરેં હમ ઈસ મેં કહાં હૈ? હમ કહીં કિસી કે હાથોં કી કઠપુતલી તો નહીં બન રહે? અલ્લાહ હમેં દીન કી સહી સમજ અતા કરે ઔર ઐસે ફિત્નો સે બચાએ.

લેખિકા :
રેશ્મા બિન્ત અલીમોહંમદ જત
ભુજ–કચ્છ.

## પ્રશ્નોત્તરી – ૧૨૧૧



ઈસ્માઈલ એ. સોનેજી B.Sc., B.Ed.

**(૧)** કુર્આન શરીફમાં ૧૪ સજદાની આયતો છે. ક્યા પારામાં બે–બે સજદાની આયતો છે?

**(૨)** હઝરત યાકુબ અલયહિસ્સલામનાં એ ભાઈનું નામ જણાવો કે જેનો જન્મ પણ તેમની સાથે થયો હતો અને મરણ પણ તે જ દિવસે તેમની સાથે થયું.

**(૩)** સામાન્ય રીતે ક્યા મહિનામાં દેખાતા પૂનમનાં ચંદ્રને 'હંટર મૂન' કહેવામાં આવે છે?

**(૪)** 80 મીટર ઊંચા એક થાંભલા પર એક વાંદરો એક મિનિટમાં 5 મીટર ઊંચે ચઢે છે પરંતુ બીજી મિનિટમાં 2 મીટર નીચે સરકી જાય છે. થાંભલાની ટોચ પર પહોંચતા તેને કેટલો સમય લાગશે?

**(૫)** કુસ્તુનતુનિયા શહેરને હવે આપણે ક્યા નામે ઓળખીએ છીએ?

**પરખ–૧૨૦૯નાં જવાબ :**

(૧) આપણી પાસે વારાફરતી આવતા ફરિશ્તાઓ ફજર અને અસરની નમાઝ સમયે ભેગા થઈ જાય છે.
(૨) જન્નતનાં ઝાડ 'તુબા'નો છાંયડો જન્નતનાં દરેક ભાગ પર પહોંચશે.
(૩) પ્રોજેરિયા રોગમાં શરીર ઝડપથી વૃધ્ધ થાય છે.
(૪) પાકિસ્તાનનાં પહેલા કાયદામંત્રી જોગેન્દ્રનાથ મંડલ હતા.
(૫) કાજીરંગા રાષ્ટ્રીય અભ્યારણ્ય આસામમાં આવેલું છે.

**પાંચ સાચા જવાબ આપનાર વાચકો :**
ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.
**ચાર સાચા જવાબ આપનાર વાચકો :**
આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).

**નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.**

**નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.**

**નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)**

## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલ : કહે છે કે નફલી રોઝો રાખ્યો અને કોઈ મહેમાનની સાથે જમવું પડે તો તે માણસ રોઝો તોડી નાખે અને મહેમાનો સાથે જમી લે તો વાંધો નથી, તો શું આ વાત સાચી છે કે કેમ?**

*જવાબ : મહેમાનોની દિલ નવાઝી અને રઝામંદી માટે ઝવાલ પહેલાં નફલી રોઝાદાર રોઝો તોડી શકે છે પણ તેના ઉપર હવે રોઝો વાજિબ થઈ ગયો તે કઝા જરૂર કરવો પડશે. પણ જો મહેમાનો પોતે સમજદાર હોય અને તેમને જાણ હોય કે તેના મિજબાન રોઝાદાર છે અને કહેતા હોય કે તમારો રોઝો તોડશો નહિં. અમને ખાવા વિશે વાંધો નથી અમે તકલ્લુફ વગર ખાઈ–પી લઈશું તો નફલી રોઝો પણ તોડવો જોઈએ નહિં. (દુર્રે મુખતાર)*

**સવાલ : મુસલમાન અગર ફોટો પાડવાનો સ્ટુડિયો બનાવે તો તેની કમાઈ હલાલ ગણાશે કે કેમ?**

*જવાબ : ફોટા અમૂક જરૂરી કારણોસર પડાવવાની રજા છે. ફિકહની કિતાબોમાં કૌલ છે કે (અલ ઝરૂરિયાતો મબીહુલ મહઝુરાતે) અર્થ : ઝરૂરત અમૂક મમનુઅ (મના) બાબતોને મુબાહ કરે છે. જેવું કે સફર માટે પાસપોર્ટનો ફોટો, બેન્કમાં ખાતા વહેવાર માટે ફોટો, હજ્જ માટે ફોટો તો તેવા જરૂરી કારણોસર જરૂરતના કારણે ફોટા પડાવનારના ફોટા પાડવાની પણ મનાઈ નથી, આવી પાબંદીથી જો સ્ટુડીયો ચલાવે તો જાઈઝ છે.*

**સવાલ : શરાબ મઝહબે ઈસ્લામમાં હરામ છે તે શરાબ કોઈ જાનવરને દવા પૂરતું પીવડાવવું કેમ છે?**

*જવાબ : જો સખ્ત જરૂર જણાય અને તેના સિવાય બીજી કોઈ દવા થઈ શકતી જ નથી અને જો દવા નહિં થાય તો માણસની બીમારી ગંભીર બનશે અથવા મરી જશે તો દવા માટે મુસલમાન મર્દ–ઔરતને પણ રજા છે. ઉપર જણાવેલ શરતોએ જાનવરના ઈલાજ માટે દવા પૂરતું મનાઈ નથી.*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ.

ડિલક્ષ ઉમરાહ 99000 સફર ૨૧ દિવસ
બજેટ ઉમરાહ 77500 સફર ૧૭ દિવસ
રવાનગી નવેમ્બર ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
ડિલક્ષ મદીના હોટલ 200 મીટર અને મક્કા હોટલ 500 મીટર
બજેટમાં મક્કા-મદીનાની હોટલ ૮૦૦ થી ૯૦૦ મીટર
• ઉમરાહ અદાયગી • ઝિયારત • શોપીંગ દરેક જગ્યાએ સાથે • લગેજ બેગ • હેન્ડબેગ • તસ્બીહ • ઉમરાહ ગાઈડ • ૫ લી. ઝમઝમ • અનલિમિટેડ લોન્ડ્રી ફ્રી
ઈરાક-બગદાદ ઝિયારત 95000/- સફર દિવસ 12
ઉમરાહ સાથે ઈરાક ઝિયારત 195000/- સફર દિવસ 27
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
જીલાની ટુર
ધાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની
ફોન : ૯૯૦૯૮ ૬૬૭૮૬

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
એકતા ફર્નિચર
વુડન અને સ્ટીલ ફર્નીચરના રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસીડેન્સી, રેલ્વે ક્રોસીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.

**: નોંધ :**
ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઈ વાચકોએ કરવાની રહે છે.
મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. – તંત્રી

SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુક્રવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
96629 33957

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીક્સ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.



ગનીભાઈ : ૯૮૨૫૫ ૯૯૪૮૫, ૯૬૬૪૭ ૧૬૫૫૮
હાજી ઉસ્માનગની હુસેન ખલીફા
(ગઢશીશાવાલા)
આધુનિક પધ્ધતિથી સ્પ્રે લગાડી પીડા રહિત સુન્નત (ખત્ના) બેસાડનાર
માત્ર એક પટ્ટી દ્વારા ખત્ના કરનાર
હાજી અબ્દુલકરીમ ઉસ્માનગની ખલીફા
૯૮૭૯૦ ૯૨૧૩૫
તાહા હેર આર્ટ
મસ્જિદે તયબાહની બાજુમાં, ગઢશીશા, તા. માંડવી-કચ્છ.

મેગા વિન્ટર મેલા... મેગા વિન્ટર મેલા...
વિન્ટેજ કલોથ
ઈમ્પોર્ટેડ ગરમ કપડાના હોલસેલ તથા રીટેલના વ્યાપારી
રૂા. ૨૦ થી રૂા. ૧૦૦૦ સુધી
જેન્ટ્સ જેકેટ, લેડીઝ જેકેટ, ચિલ્ડ્રન જેકેટ, સ્વેટર, હુડીસ, સ્વેટશર્ટ, પયઝામા, વુલકેપ અને ઘણું બધું વ્યજબી ભાવમાં બેસ્ટ કલોલિટી પ્રોડક્ટ્સ
વિવિધ ફોટો અને વિડીયો માટે જુઓ ઈન્સ્ટાગ્રામ/ફેસબુક : vintageclothesbhuj
એરપોર્ટ રોડ, ડી-માર્ટ મોલ થી ૧૦૦ મીટર આગળ, ભુજ-કચ્છ. અબ્દુલશા સૈયદ : 99795 20343

મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા ભુજ
જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલીક થશે

આમદભા – ભુજ
હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨
હાલે ૧૧૦ વૃધ્ધ, મંદ બુધ્ધીના જરૂરતમંદને વિના મૂલ્યે એક ટકની ટીફીન સેવા આપવામાં આવે છે. કામ ઈચ્છુક યુવકોને સહયોગ આપવામાં આવશે.
ગૃહશાળામાં બહેનોને સહકાર આપવામાં આવે છે.
ઝકાત, ખયરાત, હદીયો, લીલ્લાહ ઘઉં, ચોખા, તેલ સ્વીકારવામાં આવે છે. અલ્લાહ એ આપેલ છે તેમાંથી થોડો તેની રાહમાં ખર્ચ કરો.
સુખની તલાશ : આ મુસ્લિમ ગ્રુપ પાસે સખીદાતા ગ્રુપ ઓછો છે. છતાં વૃધ્ધ સંખ્યા ૧૧૦ની રસોઈ બને છે. સાથે (રોટલા, શાક, ભાત) બનાવવા અને પાર્સલ પહોંચાડવા માટે બહેન કામ ઈચ્છુક સંખ્યા ૨૦ને રાહત રોજગાર અપાય છે. આ જુની નીતીઓ થકી ગરીબીને ભગાડી શકીશું. ગ્રુપની આશા : વધુ સખીદાતાઓ જોડાય. દર માસે હિસાબના વધ-ઘટની જાહેરાત આપવામાં આવે છે.
મળવાનો સમય : સવારે ૧૦ થી ૧૧ –વિચારક : આમદભા
સંપર્ક : હારૂનભાઈ ખત્રી : ૯૯૨૫૮ ૫૪૧૭૦ - ડો. શહીદાબેન અરોરા : ૯૭૧૨૪ ૪૯૦૯૦
કાનૂની સલાહકાર : અશોક સી માંડલિયા (એડવોકેટ) : ૯૮૨૫૧ ૬૬૬૦૯.
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044





નામ : નબીલ અહમદ શેખ,
ધોરણ : ૧૦ (અંગ્રેજી માધ્યમ),
શાળા : મુસ્લિમ હાઈસ્કૂલ,
ગામ : ભુજ-કચ્છ.

**છબી** 'છબી' વિભાગમાં વિદ્યાર્થીઓના સ્વહસ્તે દોરેલ ચિત્રો મફત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ટપાલ, વ્હોટ્સ એપ નં. 9662933957 કે ઈ-મેઈલ farooqsaptahik@gmail.com દ્વારા ચિત્ર, વિદ્યાર્થીનો ફોટો અને વિગત મોકલી શકાય છે. A-4 સાઈઝના લીટી વગરના કોરા કાગળ પર ચિત્ર દોરવા.

અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર તથા હજ-ઉમરાહ હદીયા માટે ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين

વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes
AL HARAMAIN SWISS ARABIAN Rasasi

## બહેનો માટે તરબીયતી પ્રોગ્રામ

(ન્યૂઝ ડેસ્ક) તા. ૨૯–૧૦, મંગળવારના સાંજે ૪:૦૦ કલાકે બહેનો માટે તરબીયતી પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. સ્થળ : મદરસા ગુલશને ફાતેમતુઝ્ઝહરા, મણિયાર ફળિયા, ભુજ.

## અજરખપુર પ્રા. શાળામાં રંગોત્સવ સ્પર્ધા યોજાઈ



(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૬–૧૦ ના અજરખપુર પ્રાથમિક શાળામાં નેશનલ કક્ષાની રંગોત્સવ સ્પર્ધા વર્ષ ૨૦૨૪/૨૫ માં વિજેતા થયેલા બાળકો માટે ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. શાળાની ધો. ૫ ની વિદ્યાર્થીની સઈદા અહેમદ ખત્રીએ નેશનલ લેવલની સ્પર્ધામાં બીજો તેમજ રેહાન અબ્દુલરશીદ ખત્રી ધો. ૪ એ ચોથો નંબર, તન્વીન ઓરંગઝેબ ખત્રી અને ફાતિમહ ખત્રીએ આર્ટ મેરીટ એવોર્ડ મેળવ્યો હતો. શાળાના કુલ ૨૫ વિદ્યાર્થીઓએ સિલ્વર મેડલ અને ૧૦ વિદ્યાર્થીઓએ બ્રોન્ઝ મેડલ સાથે ૧૦ જેટલી સરપ્રાઈઝ્ડ ગિફ્ટો મેળવી હતી. ૯૦ જેટલા વિદ્યાર્થીઓને સ્પર્ધામાં ભાગ લેવા બદલ ગ્રામજનો તરફથી પ્રોત્સાહક ઈનામો અપાયા હતા.

આર્ટ ટીચર કોલેટા રક્ષાબહેને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય એ. એસ. દામાણીએ ઉપસ્થિત ડો. ઈસ્માઈલ ખત્રી, દાઉદભાઈ, હુઝૈફાભાઈના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. અજરખપુર શાળામાં છેલ્લા બે વર્ષથી રંગોત્સવ કાર્યક્રમ યોજાય છે.

નેશનલ કક્ષાએ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તા. ૧૯–૧–૨૫ ના ઈન્ટરનેશનલ આર્ટ ફેસ્ટિવલ – રંગોત્સવમાં ભાગ લઈ અજરખપુર પ્રાથમિક શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

## લખપત : અલફુરકાન ફાઉન્ડેશન દ્વારા ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો



(ન્યૂઝ ડેસ્ક) લખપત ખાતે અલ ફુરકાન ફાઉન્ડેશન અને સ્થાનિક ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો જેમાં ૭૩ જેટલા દર્દીએ લાભ લીધું.

સરપંચ પ્રતિનિધિ સાલેમામદ આદમ ખલીફાએ જણાવ્યું કે, લખપત ગામની ૨૦ કિ.મી. માં પણ કોઈ આરોગ્ય સુવિધા નથી. આરોગ્યની તપાસ થાય એ હેતુથી ગામમાં જ ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો છે.

આ કેમ્પમાં દયાપર સ્થિત શબા હોસ્પિટલના ડો. રિયાઝ લુહાર, જાજાણી ક્લિનિકના ડો. ચન્દ્રીકાબેન જાજાણીએ સેવાઓ આપી હતી.

અલ ફુરકાન ફાઉન્ડેશનના પીર અબદુલકાદરશા કાદરીએ કેમ્પની મુલાકાત લીધી હતી. લિયાકતઅલી નોતિયાર, રઝાક રાયમા, ઈસ્માઈલ લુહાર, હયાત ખલીફા, સુનીલ ચેનવાએ કેમ્પને સફળ બનાવવા સહકાર આપ્યો હતો.

## અખીલ કચ્છ સૈયદ આલે રસૂલ સમાજના હોદેદાર વરાયા

(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૯–૧૦ ના ભુજ મધ્યે અખિલ કચ્છ સૈયદ આલે રસૂલ સમાજની મીટિંગ મળી જેમાં સૈયદ હાજી અલીઅકબરશા બાપુ (ચિરઈ, તા. ભચાઉ) (અખીલ કચ્છ સૈયદ આલે રસૂલ સમાજના પ્રમુખ)ના નેજા હેઠળ અખીલ કચ્છ સૈયદ આલે રસૂલ સમાજ જીલ્લા સમિતિના હોદેદારોની વરણી નીચે મુજબ કરાઈ હતી :

ઉપપ્રમુખો – સૈયદ રફીકશા બાપુ (ગાંધીધામ), સૈયદ કાદરશા (નાશીરભાઈ) (ચરોપડી); મહામંત્રી – સૈયદ ઈબ્રાહીમશા (શિરવા); મંત્રી – સૈયદ રઝાહુસૈનશા (ભુજ); ખજાનચી – સૈયદ હૈદરશા (નલીયા); જીલ્લા સૈયદ મેડિકલ હેલ્પ ગ્રુપના પ્રમુખ – સૈયદ હાજીઅનવરશા બાપુ (રાપર); જીલ્લા કારોબારી સભ્યો – સૈયદ હબીબશા (ઝુરા, તા. ભુજ), સૈયદ ભુધુ બાપુ (અંજાર), સૈયદ કાસમશા (મીંઢીયારી), સૈયદ મામદશા (રોહા, તા. નખત્રાણા), સૈયદ અલીશા બાવા (લુડવા), સૈયદ મહેબૂબશા બાપુ (સામખીયારી).

આ મીટિંગને સફળ બનાવવા ભુજ શહેર સૈયદ સમાજે જહેમત ઉઠાવી હતી. આભારવિધિ સૈયદ જુસબશા (મોથાળા)એ કરી હતી.

## શિરવા : જશ્ને ગૌષે આઝમ યોજાયો



(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૪–૧૦ ના ઈશા નમાઝ બાદ જશ્ને ગૌષે આઝમ યોજાયો જેમાં મૌલાના ઈબ્રાહીમ જત, મૌલાના અસલમ હાલાએ નઅત શરીફ રજૂ કરી હતી.

તા. ૧૫–૧૦ ની સવારે ગૌષે આઝમ (રહમતુલ્લાહ અલયહે)ના બાલ મુબારકની ઝિયારત રાખવામાં આવી હતી. ત્યાર બાદ જુલૂસ અને ન્યાઝનું આયોજન કરાયું હતું.

સૈયદ જમીલશા બાવા (શિરવા મુસ્લિમ જમાત–પ્રમુખ) તથા શિરવા મુસ્લિમ જમાતના સદસ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભુજ તાલુકા પંચાયતમાં વહિવટી નિષ્ફળતાની DDOને રાવ

(ન્યૂઝ ડેસ્ક) કોંગ્રેસ પક્ષના આગેવાનો ધીરજ ગરવા, અંજલિ ગોર, હાસમ સમા, આદમ કુંભારે લાખાજી સોઢા અને એડવોકેટ એચ. એસ. આહિરની સૂચના અનુસાર જીલ્લા વિકાસ અધિકારી ભુજ તાલુકા પંચાયતને લગતા પ્રશ્નો જેવા કે બળદિયા ગૌચર દબાણ, માધાપર નવાવાસ અનુસૂચિત જાતિના જમીન વિહોણા માટે ગામતળની દરખાસ્ત મુદ્દે, માધાપર ગૌચર દબાણ, ગ્રામ પંચાયતોમાં તલાટીઓની અનિયમિતતા, ભુજ તાલુકા પંચાયતની શાખાઓમાં સતત ગેરહાજર સ્ટાફ વગેરે મુદ્દાઓએ અવારનવાર સતત રૂબરૂ લેખિતમાં રજૂઆતો બાદ પણ TDO ભુજ દ્વારા કોઈ જ પ્રત્યુત્તર ન મળતા અને ઉલટાનું દલિત સમાજના આગેવાનોને 'પ્રશ્નો લઈને ના આવવા' ભેદભાવભર્યું વર્તન કરતા હોવાની રાવ DDO ને અપાઈ છે.

## MEWS પ્રા. શાળાના વિદ્યાર્થી બોક્સિંગમાં રાજ્યકક્ષાએ રમશે



(ન્યૂઝ ડેસ્ક) મુસ્લિમ એજ્યુકેશન પ્રાથમિક વિભાગના ત્રણ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ જીલ્લાકક્ષાની અંડર–14 બોક્સિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી મેળવી છે. 36 કિલો વર્ગમાં જાખરા મહંમદઆતીક, 26 કિલો વર્ગમાં પટણી રૂબન અને 40 કિલો વર્ગમાં અરબ જાબિર એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સફળતા મેળવી છે.

શિક્ષક જાખરાભાઈ, હમીદભાઈ તથા મુશાહિદભાઈએ વિદ્યાર્થીઓને બોક્સિંગ માટે તાલીમ પૂરી પાડી હતી.

પ્રમુખ અલીમુહમ્મદ જત, ટ્રસ્ટી ઈસ્માઈલ સોનેજી, શિક્ષકમંડળ અને પ્રિન્સિપાલ ઈશાકમિયાં સૈયદ દ્વારા મુબારકબાદી પાઠવવામાં આવી છે.

## વાહેદના શાળા : ''નૈતિકતા સ્વતંત્રતાનો આધાર'' પર સેમિનાર યોજાયો



(ન્યૂઝ ડેસ્ક) ધી M.M.E.R.T. સંચાલિત વાહેદના શિક્ષણ સંકુલ–ભુજ માં ''નૈતિકતા સ્વાતંત્રતાનો આધાર'' વિષય પર જમાઅતે ઈસ્લામી હિન્દ મહિલા વિભાગના સહયોગથી સેમિનાર યોજાયો.

આ કાર્યક્રમની શરૂઆત નાત શરીફ ધો. ૧૦ ની વિદ્યાર્થીની જુણેજા રિઝાબાનુએ કરી હતી. અમદાવાદથી પધારેલ JIHના મહિલા વિભાગના શેખ સાઝીયાએ ધો. ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓને '' નૈતિકતા સ્વતંત્રતાનો આધાર'' વિષય પર વિસ્તૃત ચર્ચા કરી હતી. સાથે સાથે મોબાઈલથી જેમ બને એમ દૂર રહેવાનું અને સારા પુસ્તકોનું વાંચન કરવાનું જણાવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા દીકરીઓ માટે હોસ્ટેલ શરૂ થઈ રહી છે તે માટે તેમણે અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ મલીહા ફાતિમા ઝકીરે પણ આ બાબતે પોતાનો વકતવ્ય આપ્યો હતો.

શાળાનાં ચેરમેન સૈયદ જલાલશા બાવા અને ટ્રસ્ટી સૈયદ મોઈનુદ્દીન બાવાએ આ કાર્યક્રમને અનુલક્ષીને નૈતિકતાના મૂલ્ય વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં સૈયદ અલીઅસગર, માધ્યમિક વિભાગના આચાર્ય સુરેશ વી. કાનાણી, પ્રાથમિક વિભાગના આચાર્ય જુણેજા અબ્દુલગફાર, લોરેન્સ ક્લાન અંગ્રેજી માધ્યમના આચાર્યા સૈયદા સાનિયામા ઉપસ્થિત રહ્યા હતા.

## છાશવારે થતી ગુસ્તાખી અસહનીય : ઈત્તિહાદુલ મુસ્લેમીન

(ન્યૂઝ ડેસ્ક) તા. ૨૨–૧૦ ના ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ, અંજાર દ્વારા દેશના રાષ્ટ્રપતિ તેમજ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસને પત્ર પાઠવી આવેદન કરાયું છે કે ઈસ્લામના અંતિમ પયગમ્બર હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિરુધ્ધ તાજેતરમાં અપમાનજનક નિવેદનો આપવા આજે સામાન્ય બની ગયું છે. જે ઘણો જ દુઃખદ અને શરમજનક કૃત્ય છે. આવા પાયાવિહોણા નિવેદનો માત્ર મુસ્લિમ સમુદાય માટે જ અપમાનજનક નથી પરંતુ ભારતીય સમાજની શિષ્ટાચાર, પરસ્પર સન્માન અને સહઅસ્તિત્વની ભાવના પર હુમલા સમાન છે.

આપણા દેશના કાયદા મુજબ જો તમે કોઈ સામાન્ય વ્યક્તિ વિરુધ્ધ અભદ્ર ટિપ્પણી કરો છો તો તે કિસ્સામાં પણ કાયદો ટિપ્પણી કરનાર વ્યક્તિ વિરુધ્ધ કડક કાર્યવાહી કરે છે. તો હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈસ્લામના સૌથી આદરણીય વ્યક્તિ છે. કોઈપણ દેશમાં કોઈ સ્વતંત્રતા કોઈની આસ્થાનું અપમાન કરવાની મંજૂરી આપતી નથી. સંસ્થા તમામ જવાબદાર નાગરિકો, વિવિધ ધાર્મિક નેતાઓ અને સરકારોને પણ આવી ઘટનાઓની નિંદા કરવા તેમજ અભદ્ર ટિપ્પણીઓ વિરુધ્ધ કાયદાકીય જોગવાઈઓ મુજબ કડક પગલા ભરવા અનુરોધ કરાયો છે. સંસ્થાના પ્રમુખ હાજી મોહમ્મદ આગરીયા તેમજ સમસ્ત ટ્રસ્ટીઓ હાજીજુમા રાયમા, ઈનામુલહક ઈરાકી, હાજી યુસુફ સંઘાર, સૈયદ હૈદરશા પીર, અનવરશા સૈયદ, હાજી નૂરમામદ રાયમા વગેરે ટ્રસ્ટીઓએ તાત્કાલિક અને નિર્ણાયક પગલાં લેવા અપીલ કરાઈ છે એવું સંસ્થાના પ્રવક્તા જલાલશા સૈયદની યાદીમાં જણાવાયું છે.

## લુખ્ખા તત્વો પૈસા પડાવવા પશુ પરિવહન અવરોધે છે

### મુસ્લિમ અને રબારી સમાજના માલધારીઓએ કચ્છ કલેકટર કચેરીએ રજૂઆત કરી



(ન્યૂઝ ડેસ્ક) તા. ૨૧–૧૦ ના કચ્છ જીલ્લા માલધારી સંગઠન દ્વારા કચ્છ કલેકટર કચેરીએ રજૂઆત કરવામાં આવી છે કે, કચ્છ જીલ્લો પશુપાલનની દષ્ટિએ સમૃધ્ધ ગણાય છે. અહીંના પશુઓ, બન્નીની ભેંસ, ખારાઈ ઊંટ, ઘેટાં–બકરાં આ તમામ પશુઓની દરેક જગ્યાએ ખૂબ માંગ છે. જયારે પશુપાલકો પશુધનની એક જગ્યાએથી અન્યત્ર સ્થળાંતર કરે છે ત્યારે લુખ્ખા તત્વો દ્વારા માલધારીઓને ખોટી રીતે હેરાન કરવામાં આવે છે અને પશુધનને ખૂબ નુકસાન થાય છે. તેમજ માલધારીઓને આર્થિક નુકસાન સહેન કરવું પડે છે. હાલના સમયે જ (માધાપરવાળા બનાવમાં) કોર્ટ દ્વારા અમારા માલને છુટું કરવાનું ઓર્ડર કરવામાં આવેલ છતાંય આ માલ નો કબજો અમોને સુપ્રત કરવામાં આવેલ નથી.

આ રજૂઆતમાં અરજણભાઈ રબારી, સરપંચ કાનાભાઈ, બિનલભાઈ, શેખ મામદશા (ઉપસરપંચ), શેખ કાસમશા ઉપરાંત જુસબ અબ્દુલ શેખ, તાલબભાઈ, મેઘાભાઈ રબારી, રામાભાઈ રબારી સહિતના આગેવાનો – માલધારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને રજૂઆત કરી હતી. આ સમયે મુસ્લિમ સમાજના આગેવાનો હાજીઈબ્રાહીમ હાલેપોત્રા, મોહસિન હિંગોરજા, હાસમ નોતિયાર, હુસૈન મોખા સહિતનાઓ દ્વારા માલધારીઓની વ્યથાને વાચા આપતા જણાવેલ કે જો માલધારી સમાજને આ રીતે હેરાન કરવામાં આવશે તો આગામી સમયમાં કચ્છના સમગ્ર માલધારીઓને સાથે રાખીને ઉગ્ર આગળ જરૂર પડે તમામ પ્રકારની કાર્યવાહી કરવાની ફરજ પડશે. આ સમયે સહજીવન સંગઠનના સંદિપભાઈ ઉપસ્થિત રહીને સંકલન કરેલ.

: દિલી મુબારકબાદ :

જે ભાંઈરેં જોગી થીઆં, ત તમા છડ તમામ,
ગોલા જે ગોલન જા, તેંહજો થીજ ગુલામ,
સભર જી સમશીર સેં, કર કીને કે કતલામ,
ત નાંગા ! તોંહજો નામ લિખાજે લાહૂત મેં.

–શાહ ભિટાઈ



પીર સૈયદ ઈશાકમિયાં
અલ અબ્બાસી
અલ હાશિમી

વિશ્વના સમસ્ત સુન્ની મુસ્લિમોના આંતરરાષ્ટ્રીય ધાર્મિક વડા અને શયખુલ ઈસ્લામ હઝરત પીર (આધ્યાત્મિક ગુરૂ) સૈયદ મદનીમિયા અશરફી દામત બરકાતહુમુલ આલીયા તરફથી આપને ખિલાફતની રૂહાની પદવી મળવી એ ખરેખર આપના માટે બહુ જ મોટી સિધ્ધિ છે તથા કચ્છના લોકો માટે ખુશીના સમાચાર છે. અમો સૌ આપને મુબારકબાદી આપતા અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ સાથે આશા પણ રાખીએ છીએ કે લોકોને અશરફી સિલસિલા સાથે જોડી લોકોમાં પડેલી પીરો વિશેની ગેરસમજણ અને અંધશ્રધ્ધા દુર કરી સુફી પરંપરાનું સાચું શિક્ષણ આપશો.

પીર સાહેબ, આગળ વધો અમે તમારી સાથે છીએ.

: દુઆગીર :

સમેજા મીરાણી પરિવાર જાલુવાલા
થેબા પરિવાર કાડોરવાલા

રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.

મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ

નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦

તા. ૨૨/૧૦/૨૦૨૪ સુધી મળેલ દાન

| | | |
|---|---|---|
| 25,000/- | વિશાલસિંહ રાઠોડ-સુરેશભાઈ પારસીયા | ભુજ |
| 1,00,000/- | જાફર સાલેમામદ કુંભાર | અંજાર |
| 1,51,000/- | મોહમ્મદ અસલમ સમા | ભુજ |
| 15,000/- | ચૌહાણ મેમુનાઆપા કાદરી | ભુજ |
| 1,00,000/- | ડૉ. ફહીમ લાલા | ભુજ |
| 25,000/- | મુતવા ઈશાભાઈ હુસૈન | ગોરેવાલી (બન્ની) |
| 15,500/- | રહીમભાઈ અહેમદભાઈ ઘાંચી | રાધનપુર-પાટણ |
| 1,00,000/- | અલીભાઈ કુંભાર | ગાંધીધામ |
| 1,00,000/- | અમીરભાઈ સિપાહી | ગાંધીધામ |
| 1,00,000/- | હાજી દીનમોહમ્મદ રાયમા | સામખીયારી |
| 1,00,000/- | માણાબા મુસ્લિમ જમાત | માણાબા(રાપર) |
| 3,00,000/- | હાજી અલારખ્યા રાઉમા | માણાબા(રાપર) |
| 1,50,000/- | હાજીરમજુ સુમાર રાઉમા પરિવાર | માણાબા(રાપર) |
| 2,50,000/- | લાકડીયા મુસ્લિમ સમાજ | લાકડીયા |
| 2,50,000/- | સોલંકી બળવંતસિંહ વિરમજી | લાકડીયા |
| 1,00,000/- | શેખ શાહનવાઝભાઈ | ગાંધીધામ |
| 1,00,000/- | આગરીયા હાજી હુસૈન સિદ્દીક | અંજાર |

રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ 'ફારૂક' સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિધ્ધ કરવામાં આવશે

એ.કે. ફેબ્રીકસ

નમાઝ ટોપી, હાજી રૂમાલ

ઓઢણા સ્કાર્ફ રૂમાલી



વિમલ સ્ટેશનરી પાસે, સિધ્ધી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ, કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૬૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.




હેડ ઓફિસ : કે.બી.સી. બંધેજ ઉપર, અનમ રિંગ રોડ, ભુજ-કચ્છ.

હાજી ગફુર ખત્રી, (કે.બી.સી. બંધેજ) ભુજ M: 98259 93786
હાજી આરીફ દાફરાની, મુંબઈ M: 98925 60735
મુફીઝુલરહેમાન, ભુજ M: 99138 40786
મૌલાના હાજી સુલેમાન માંજોઠી, માંડવી M: 99256 62586
હાજી મોહંમદભાઈ (ન્યુ કે ટેઈલર), ભુજ M: 90990 53532

Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ–કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com